## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આપણાં વખતમાં પણ કોલેજમાં બબાલ થતી હતી પણ એકેય હિરોઈન આવી હોય તેવું યાદ નથી...!!

## વાત-વાતમાં.....

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એનએબીએચ સર્વેક્ષણ કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. આ સર્વેક્ષણમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીને મળતી સુવિધાઓથી માંડી સ્વચ્છતા સુધીની બાબતોને આવરી લઈ હોસ્પિટલની ગુણવત્તા ચકાસણી હાથ ધરવામાં આવે છે.
- શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલથી પાટનગર યોજના ભવન સુધીના આંતરિક રોડને અત્યારે ડાયવર્ઝન તરીકે મુખ્ય માર્ગ બનાવી દેવામાં આવ્યો છે. આ માર્ગ પર બેંકોની સામે હારબંધ ઉભા રહેતા ખાણી-પીણી સહિતના લારી-ગલ્લાંવાળાને તંત્ર દ્વારા હટાવી દેવાતાં તમામ લારી-ગલ્લાવાળાઓએ પાટનગર યોજના ભવન પાછળ પોતાનુ સ્થાન ગોઠવી દીધુ છે.
- શહેરના સેક્ટર-૨૧ ખાતેના ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર વિસ્તારમાં ટ્રાફિક જામની સમસ્યા વારંવાર સર્જાઈ રહી છે. આ સમસ્યા અપૂરતી પાર્કિંગ જગ્યાને કારણે સર્જાઈ રહી છે. જેના કારણે વાહનચાલકોને ત્યાંથી પસાર થવુ પણ કંટાળાજનક લાગી રહ્યું છે.

# મગોડી ખાતે તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

શ્રી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર મગોડી હાઈસ્કૂલમાં તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાઈ ગયો. જેમાં અધ્યક્ષ તરીકે શ્રી મોન્ટેકાર્લો શિક્ષણ સંકુલના પ્રમુખ મફતભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે બી.એફ. દેસાઈ - પ્રોફેસર હિંમતનગર કોલેજ તેમજ અતિથિ વિશેષમાં ચિલોડા ડભોડા વિભાગ વ્યાયામ મંડળના પ્રમુખ દલસંગભાઈ ચૌધરી તથા મંત્રી દિપકભાઈ શુકલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ પણ હાજર રહીને પ્રેરણા પુરી પાડી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અધ્યક્ષ અને આચાર્યએ કલાક્ષેત્રે જીવનનુ અભિન્ન અંગ છે તેવી માહિતી આપી હતી.

કલા મહાકુંભના સુંદર આયોજન બદલ શાળાના ઉત્સાહી શિક્ષક અને તાલુકા કન્વીનર જે.બી. ચૌધરીને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આર.પી. જોશીએ કર્યુ હતુ અને આભારવિધિ ચિંતનભાઈ શાહે કરી હતી. કાર્યક્રમના અંતમાં આચાર્ય સમગ્ર સ્ટાફ તથા વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI
NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989
APPLICATION NO. 1192 of 2017

Smt. Manita Rabindar @ Ravindra Rajbhar and Others ... Applicants
V/s
Shri Ashish Rajendra Choudhary ... Opp.Party
And
The National Insurance Co. Ltd. ... Insurance

To,
Shri Ashish Rajendra Choudhary
B/25, Krishna Park Society,
Nana Chitoda,Naroda,
Dist. Ahmedabad, Gujrat - 382430

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 03 on 12/02/2020 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 19/07/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI
NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989
APPLICATION NO. 716 of 2019

Smt.Gudiyadevi Rajpalsingh Dhakre & Ors ... Applicants
V/s
Shri Mohammed Salim K. Qureshi ... Opp.Party
And
H.D.F.C.Ergo General Insurance Co.Ltd. ... Insurance

To,
Shri Mohammed Salim K. Qureshi
Resi. 87 Amrut Nagar, Near Neelam Hotel
Kadodara, Surat - 394347, Gujarat

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 03 on 12/02/2020 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 20/11/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

# વાવોલ, છત્રાલ અને કલોલ પાનસર રૂટમાં બે રેલવે બ્રિજનું નિર્માણ કરાશે

## ટુ લેન બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત ૭૮ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર છત્રાલ તેમજ કલોલ પાનસર ડીંગુચા રૂટમાં સ્થિત બે રેલવે ફાટક પર ઓવર બ્રિજ બનાવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૭૮ કરોડનો ખર્ચ કરાશે. વાવોલ ઉવારસદ માર્ગને અનુલક્ષીને ક માર્ગ પર સ્થિત ફાટકને અનુલક્ષીને પણ ઓવર બ્રિજ બનાવાનુ આયોજન કરાયુ છે.

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી રેલવે લાઈનને અનુલક્ષીને માર્ગ મકાન વિભાગ દ્વારા રેલવે ઓવર બ્રિજનુ નિર્માણ કરવા માટે આયોજન કર્યુ છે. રેલવે ફાટકના લીધે આ વિસ્તારમાં ફાટક બંધ હોય ત્યારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે જયારે ઘણીવાર માટે ચક્કાજામની સાથે માર્ગ સલામતી પણ જોખમાય છે. આ સ્થિતને ધ્યાને લઈ કેન્દ્ર તેમજ ગુજરાત સરકારે સંયુક્ત રીતે ખર્ચની મંજુરી આપવા માટે નિર્ણય લીધો છે. જેને અનુલક્ષી જિલ્લામાં વિવિધ માર્ગો પર સ્થિત ત્રણ ફાટક પર ઓવર બ્રિજ તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે ક માર્ગ પર સ્થિત ફાટક સાથે ગાંધીનગર વાવોલ પુન્દ્રાસણ ,ટીંટોડા વડુ અને છત્રાલ માર્ગને અનુલક્ષી ૧૨ મીટર પહોળો ટુ લેનનો બ્રિજ બનાવાશે. જયારે પાલનપુર કલોલ અમદાવાદ માર્ગના ફાટક પર આ માર્ગ બનાવાશે. જેની પાછળ રૂ ૪૩ કરોડનો ખર્ચ કરાશે આ ઉપરાંત કલોલ પાનસર, ડીંગુચા અને વડુ રૂટમાં સ્થિત પાલનપુરવાળા ફાટક પર ઓવર બ્રિજ તૈયાર કરાશે હાલ આ માર્ગ ૭ મીટર પહોળો છે. જેને ૧૨ મીટર પહોળો કરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૫ કરોડનો ખર્ચ કરાશે.

# કોબા ખાતેના શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રના સ્થાપક પૂ. આત્માનંદજીનો દેહત્યાગ

## પૂ. આત્માનંદજીની વિદાય સાથે ભારતીય સંત પરંપરાનો વધુ એક તેજસ્વી તારલો ખર્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના કોબા ખાતે સ્થિત પ્રસિદ્ધ શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્રના પ્રણેતા તથા ગુજરાતની સતપરંપરાના સમર્થ જ્ઞાની આધ્યાત્મિક પુરૂષ પૂ. આત્માનંદજીએ તા. ૧૯મી જાન્યુઆરી રવિવારે સવારે ૧૦.૫૮ કલાકે દેહત્યાગ કરીને સમાધિ મરણ પ્રાપ્ત કર્યુ હતુ. આ પ્રસંગે આત્મજ્ઞ સંતો, વિશાળ સાધકવૃંદ તથા મુમુક્ષુગણની ઉપસ્થિતિ હતી. પૂ. આત્માનંદજીની વિદાય સાથે સંત પરંપરાનો ઉજ્જવળ સિતારો વિદાય પામ્યો છે પરંતુ તેમની પ્રેરણા અને તેમના મુમુક્ષુઓ-ગ્રંથો વગેરે જનસમુદાયને હંમેશા માર્ગદર્શક બની રહેશે.



પૂ. આત્માનંદજીએ વ્યવહારિક જીવનમાં એમબીબીએસ થયાં બાદ ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરીને એમઆરસીપી (…) ડીડીએમએચની મેડીકલ ક્ષેત્રની ઉચ્ચ ડિગ્રીઓ હાંસલ કરી હતી. આ પછી ‘‘કુંદકુંદાચાર્યના ત્રણ રત્નો’’ અને શ્રીમદ્ રાજચંદ્રજીના ‘‘વચનામૃત’’ના ઊંડા અધ્યયનથી તેમની આધ્યાત્મિક રૂચિ વધુ પ્રદિપ્ત થતી જતા વર્ષ ૧૯૬૯ની ૧૪મી ફેબ્રુઆરીએ તેમનામાં શુદ્ધ આત્મજ્ઞાનનો ઉદય અર્થાત સાક્ષાત્કાર થયો હતો. તેમણે ૧૯૭૫માં અમદાવાદના મીઠાખળી ખાતે ‘સશ્રુત સેવા સાધના કેન્દ્ર’ની સ્થાપના કરી અને ૧૯૭૬માં પૂ. સહજાનંદજી વર્ણી મહારાજની પ્રેરણાથી આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યુ હતુ. તેમણે ૧૯૮૨માં કોબા મુકામે ‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક કેન્દ્ર’ની સ્થાપના કરી હતી અને ૧૯૮૪માં ગિરનાર ખાતે મુનિશ્રી સમંત ભદ્ર મહારાજની આજ્ઞાથી તેમણે વિશિષ્ટ નિયમવ્રતો અંગીકાર કરી આત્માનંદજી નામ ધારણ કર્યુ હતુ. પૂ. આત્માનંદજીએ કોબા ખાતે ‘વિદ્યાભક્તિ આનંદધામ’ થકી આર્થિક રીતે સાધારણ વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કારો મળી રહે તે માટે અને જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર મળી રહે તે માટે મેડીકલ સેન્ટરની સ્થાપના કરી છે. તેઓ કોઈપણ જાતના ભેદભાવ વિના એક સંત તરીકે તેમની સર્વદર્શનો પ્રત્યે સમદષ્ટિ રાખતા હતા. તેમણે ૪૫ થી વધુ પુસ્તકો અને ૪ હજાર ઉપરાંત ઓડિયો-વિડિયો કેસોટો થકી તેમના સંદેશ આપવા સાથે ‘‘દિવ્ય ધ્વનિ’’ નામનું માસિક ૪૦ વર્ષથી પ્રકાશિત કરી રહ્યાં હતા. તેમનો સંદેશ હતો કે ‘‘હું આત્મા છું, આપનો સેવક છુ, સૌનો મિત્ર છું.’’



**ચંદ્રાલા શ્રી જ્યોતિ વિદ્યા મંદિરમાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો**

શ્રી જ્યોતિ વિદ્યામંદિર ચંદ્રાલામાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફુગ્ગાદોડ, લીંબુ ચમચી, કોથળા દોડ, વર્તુળનો રાજા, લોટફૂંક, સંગીત ખુરશી વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી. આ રમતોત્સવનું આયોજન અને સંચાલન શાળાના વ્યાયામ શિક્ષક પી.એન. પટેલે કર્યુ હતુ. શાળાના સમગ્ર શિક્ષકગણ અને આચાર્ય બી.બી. દેસાઈના સંયુક્ત સહકારથી સફળ બનાવ્યો હતો.

# સુઘડ-પેથાપુર મર્ડર કેસની તપાસ એસઓજી-એલસીબી-૨ ને સોંપાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર નજીક આવેલા સુઘડ અને પેથાપુર ખાતે પરિણિત મહિલાઓના મર્ડર કેસ પોલીસ માટે કોયડા સમાન બની ગયા છે. ત્યારે હવે ઝડપી અને યોગ્ય દિશામાં તપાસ થાય અને હત્યારાઓને પકડી જેલના સળીયા પાછળ ધકેલી શકાય તે માટે સુઘડ મર્ડર કેસ એસઓજી પોલીસને તેમજ પેથાપુર મર્ડર કેસની તપાસ એલસીબી-૨ ને સોંપવામાં આવી છે. જેથી હવે બંન્ને મર્ડર કેસ ઉકેલવા માટે પોલીસે નવેસરથી તપાસનો પ્રારંભ કર્યો છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર સુઘડ ગામ નજીક અગોરા મોલને અડીને આવેલા એટલાન્ટિક પાર્ક સોસાયટી બ્લ્યુ એચ ફ્લેટ ખાતે રહેતા ગુંજન શર્મા નામની પરિણિત મહિલાની તીક્ષ્ણ હથીયારના ઘા મારી હત્યા ગત તા.૧૬ ડિસેમ્બરના રોજ થઈ હતી. તો બીજી તરફ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં આવેલા સંજરી પાર્ક એવન્યુ ખાતે રહેતા સલમાબાનુ દાઉદશા ફકીરનો મૃતદેહ તેમના ઘર નજીકથી અન્ય ખાલી રહેતા ઘરમાંથી મળ્યો હતો. આ બંન્ને મર્ડર કેસમાં પેથાપુર અને અડાલજ પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફુટેજ, મોબાઈલ લોકેશન, પાડોશી-પરિવારજનો અને પરિવારના સભ્યોની પુછતાજ સહિતની તપાસ કરી છે.

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત**
(A state Public University established by Government of Gujarat)
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત

આઈ.આઈ.ટી.ઈ. તેની નિયમિત-કાયમી શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે ઓનલાઈન તથા નિયત નમૂનામાં અરજીઓ આમંત્રિત કરે છે.

| ક્રમ | જગ્યાનું નામ અને વિષય | જગ્યાની સંખ્યા અને કેટેગરી |
|---|---|---|
| ૧ | પ્રોફેસર (એજ્યુકેશન) | ૩ (સામાન્ય) |
| ૨ | એસોસીયેટ પ્રોફેસર (એજ્યુકેશન) | ૧ (એસ.ટી.) |
| ૩ | આસિસ્ટન્ટ પ્રોફેસર (કેમેસ્ટ્રી) | ૧ (એસ.ટી.) |

ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૨૧/૨/૨૦૨૦
જરૂરિ વિગતવાર માહિતી અને ઓનલાઈન અરજી કરવા માટે અમારી વેબસાઈટ www.iite.ac.inની મુલાકાત લેવા વિનંતી છે.
તારીખ : ૨૦/૧/૨૦૨૦ રજિસ્ટ્રાર આઈ.આઈ.ટી.ઈ.
માહિતી/૨૦૯૫/૧૯-૨૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# મુખ્યમંત્રીનો રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩મીએ યોજાશે નહિ

ગાંધીનગર, તા. ૨૦

રાજયના નાગરિકો-પ્રજાજનોની સમસ્યાઓ-રજૂઆતોના ટેકનોલોજીના માધ્યમથી સ્થળ પર નિવારણનો મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ તા. ૨૩ જાન્યુઆરી ગુરૂવારે યોજવામાં આવશે નહિ.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આજે પ્રા. શાળાના શિક્ષકોના ધરણા તેમજ એલ.આર.ડી.ના મુદ્દે બેઠક સત્યાગ્રહ છાવણી ખાતે હોવાથી આખો દિવસ પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત રહી હતી.
- ગાંધીનગર જિલ્લાનો જિલ્લાકક્ષાનો ધ્વજવંદન સમારોહ દહેગામ ખાતે યોજાશે.
- આજે રાત્રે ૮.૨૦ વાગેને ૨૦ સેકન્ડ પર એક ગજબનો સંયોગ બન્યો હતો જેને અંગ્રેજીમાં ૨૦:૨૦:૨૦-૨૦૨૦ તરીકે ઓળખવામાં આવશે. બીજુ આજની તારીખને આંકમાં જોઈએ ૨૦x૧x૨૦ લખાય છે.
- ગાંધીનગર શહેરના સ્મશાનગૃહ નજીકની લેન્ડફિલ્ડ સાઈડ પરથી એટલી બધી દુર્ગંધ આવે છે કે ડાઘુ બની ગયેલા લોકો દુર્ગંધના ત્રાસથી ત્રાહિમામ્ પોકારી જાય છે.
- એક્ઝીબીશન સેન્ટર સહિત સરકારી કચેરીઓમાં જ સ્વચ્છતા સામે પ્રશ્નાર્થ ઉભા થયા છે. એક તરફ સ્વચ્છતા અભિયાન માટે લોકોને આગ્રહ કરવામાં આવે છે પણ કચેરીઓમાંજ તેમજ સૌથી મોટા એક્ઝીબીશન સેન્ટરમાં જોવા મળતી નથી. અહિ મનપા સ્વચ્છતાનો ચાર્જ વસુલે છે પણ કામગીરીમાં શૂન્ય છે.
- જિલ્લાના વહીવટીતંત્રમાં અર્ધો ડઝનથી વધુ જગ્યાઓ ચાર્જમાં ચાલી રહી છે.

# ચિલોડા ૧૮૧ અભયમ્ એમ્બ્યુલન્સ દ્વારા દિવ્યાંગ મહિલાની સારવાર

ચિલોડા, તા. ૨૦

કલોલ સ્થિત પંચવટી એરિયા સિદ્ધનાથ સોસાયટીના વિસ્તારમાંથી એક અસ્થિર મગજની મહિલા છેલ્લા પાંચ વર્ષથી આંટા મારતી હતી. એક અજાણ્યા વ્યક્તિ દ્વારા ૧૮૧ અભયમ્ ટીમને ફોન દ્વારા જાણ કરતાં મહિલા માનસિક અને શારિરીક સ્થિતિ ખૂબ નબળી માલુમ પડતાં સારવાર કરવા પ્રયત્ન કર્યો હતો.

અજાણી મહિલાની આનાકાની કરવા છતાં ટીમ દ્વારા સમજાવી વાનમાં બેસાડ્યા હતા. સદર મહિલાને બાયડ સ્થિત જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટને સોંપ્યા બાદ મહિલાની શારીરિક સ્થિતિ તપાસતાં કોઈ અકસ્માત થયુ હોવાનું મહિલા જણાવતા પીઠનો ભાગ ગંભીર રીતે બગડી ગયેલ અને પેટ પર ટાંકા લીધા હોવાનું જણાતાં શરીરનું કોઈ અંગ કાઢવામાં આવેલ નથી તેની ઉંડી તપાસ અર્થે બાયડ સરકારી હોસ્પિટલમાં લઈ જઈ પીઠના ભાગ બગડી જવાથી સૂવામાં ખૂબજ તકલીફ પડતી હતી. બે દિવસ સારવાર કર્યા બાદ મેડિકલ તપાસ થશે તેવુ જણાવતાં ૧૮૧ ટીમ દ્વારા અંતમાં મહિલાને મહિલા સમાજ સેવા ટ્રસ્ટમાં મુકવામાં આવી માનવતાની મહેંક પ્રસરાવી હતી.

# સહકારી અગ્રણી મનુભાઈ પટેલના ધર્મપત્ની સુશીલાબેન પટેલનું દુ:ખદ અવસાન

ગાંધીનગરના જાણીતા સહકારી અગ્રણી અને ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલના ધર્મપત્ની સુશીલાબેનનું ગઈકાલે મોડી રાત્રે દુ:ખદ અવસાન થયુ છે. આજે સવારે તેમના સે. ૨ સ્થિત નિવાસસ્થાનેથી નીકળેલી સ્વ. સુશીલાબેનની અંતિમ યાત્રામાં અધિકારીઓ, આગેવાનો, કાઉન્સીલરો તેમજ વેપારીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

સવારે તેમની અંતિમ યાત્રા સે. ૩૦ના મુક્તિધામ પાસે પહોંચી ત્યારબાદ પુત્ર દ્વારા મુખાગ્નિ આપવામાં આવ્યો હતો. સ્વ. સુશીલાબેનના દુ:ખદ અવસાનના સમાચારથી સેક્ટરમાં શોકની



લાગણી પ્રસરી જવા પામી હતી.

ગુરૂવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન ઉમીયાવાડી સે. ૧૨ ખાતે સ્વર્ગસ્થનું બેસણું/પ્રાર્થનાસભા રાખવામાં આવી છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં. ૮ સને ૨૦૧૯-૨૦**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ / જાહેર બાંધકામ વિભાગ દ્વારા ઓથરાઈઝ ડીલર નોંધાયેલ પાસેથી તલોદ / હિંમતનગર પેટા વિભાગના કામ જે જુદી જુદી યોજના અન્વયે સીઆઈ આઈશોલેટીંગ ટેમ્પર પ્રુફએરવાલ્વ લાવી ફિટીંગ કામ માટે ફક્ત રજી.પો.એ.ડી.થી બંધ કવરમાં ભાવો કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પ્રથમ માળ, જલભવન, નવા સરકીટ હાઉસ પાસે, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૪૨૬) જી. સાબરકાંઠા દ્વારા માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૮/૧/૨૦૨૦ છે. જ્યારે ટેન્ડરો પરત લેવાની છેલ્લી તારીખ ૫/૨/૨૦૨૦ રાખવામાં આવેલ છે. ભરેલ ટેન્ડર કોઈપણ પ્રકારનું કારણ આપ્યા વગર રદ કરવાનો કાર્યપાલક ઈજનેરશ્રીને અબાધિત અધિકાર રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી www.gwssb.gujarat.gov.in તેમજ www.statetenders.com ઉપર મુકવામાં આવેલ છે. આ જાહેરખબરની વધુ વિગત કચેરીના નોટીસબોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૪૨૩/૨૦૨૦

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**
**જાહેર નિવિદા નં. ૯/૨૦૧૯-૨૦૨૦**

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦-એ, ‘સાગર ભવન’, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૩૮૦૧૧) દ્વારા નીચેના કામો માટે ઓનલાઈન ભાવપત્રક માંગવામાં આવે છે.

| અ. નું | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) શ્રેણી (૩) ઈ.એમ.ડી. (૪) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧ | એન્યુઅલ મેન્ટેનન્સ એન્ડ રીપેર્સ ટુ જીએમબી સ્ટાફ ક્વાટર્સ એન્ડ ઓફીસ બિલ્ડીંગ એટ ગાંધીનગર ફોર યર ૨૦૧૯-૨૦૨૦. | (૧) રૂ. ૨૪૭૮૧૮૮.૪૫ (૨) ઈ-૧ અને ઉપર (૩) રૂ. ૨૯૫૦૦.૦૦ (૪) રૂ. ૧૦૬૨.૦૦ (Including 18% GST) |

- ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૧/૧/૨૦૨૦થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૪/૨/૨૦૨૦, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા wwww.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

માહિતી/૨૦૮૭/૧૯-૨૦

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ